INSTITUTE FOR COMPETITIVE EXAMS

# Economic Survey 2021-22



કેન્દ્રીય નાણામંત્રી
શ્રીમતિ નિર્મલા સિતારામન



ભારતના મુખ્ય આર્થિક સલાહકાર
શ્રી વી. અનંત નાગેશ્વરન



**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ**
**તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે Click કરો.**


JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial



CONTACT US :

93757-01110 | www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot




તાજેતરમાં ભારત સરકારનું વર્ષ **2022-23નું** સામાન્ય બજેટ રજૂ થયું તે પહેલા **31 જાન્યુઆરી, 2022**ના રોજ ભારતના નાણા અને કોર્પોરેટ બાબતોના મંત્રી શ્રીમતી નિર્મલા સીતારામને સંસદમાં આર્થિક સર્વેક્ષણ **(Economic Survey) 2021-22** રજૂ કર્યુ હતું.

## થીમ

આ વર્ષના આર્થિક સર્વેની કેન્દ્રીય થીમ **'Agile Approach'** છે.

## આર્થિક સર્વેક્ષણ શું છે ?

આર્થિક સર્વેક્ષણ એ એક પ્રકારનો દસ્તાવેજ છે.

- સામાન્ય રીતે કેન્દ્રીય નાણામંત્રી લોકસભામાં જે દિવસે અંદાજપત્ર અથવા તો બજેટ રજૂ કરે તેના એક–બે કે ચાર દિવસ અગાઉ આ દસ્તાવેજ સંસદમાં રજૂ કરવામાં આવે છે.
- જેમાં ચાલુ નાણાકીય વર્ષની અર્થતંત્રની કામગીરીની સમીક્ષા રજૂ કરવામાં આવે છે.
- આ ઉપરાંત તેમાં આગામી નાણાકીય વર્ષ દરમિયાન અર્થતંત્રની કેવી તકો છે તેની આગાહી પણ કરવામાં આવે છે.
- આર્થિક સર્વેક્ષણમાં રજૂ થયેલા વિશ્લેષણને આધારે બજેટમાં નાણાકીય ફાળવણી કેવી રીતે કરવી તેના તથા આગામી વર્ષમાં સંસાધનો કેવી રીતે એકત્ર કરવા તેનો નિર્દેશ મળે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

- આર્થિક સર્વે નાણા મંત્રાલયના મુખ્ય આર્થિક સલાહકાર (Chief Economic Advisor)ના માર્ગદર્શન હેઠળ તૈયાર કરવામાં આવે છે.
- નોંધનીય છે કે હાલમાં ભારતના મુખ્ય આર્થિક સલાહકાર શ્રી વી.અનંત નાગેશ્વરન છે.
- ભારતનો પ્રથમ આર્થિક સર્વે 1950-51માં રજૂ કરવામાં આવ્યો હતો.
- વર્ષ 1964 સુધી તે કેન્દ્રીય બજેટ સાથે રજૂ કરવામાં આવતું હતું.
- પરંતુ હવે તેને બજેટ રજૂ કરવાના એક–બે કે ચાર દિવસ અગાઉ આ દસ્તાવેજ સંસદમાં રજૂ થાય છે.

## આર્થિક સર્વે 2021-22

આર્થિક સર્વે 2021-22માં રજૂ થયેલી કેટલીક મુખ્ય બાબતો આ પ્રમાણે છે :

(1) અર્થતંત્રની સ્થિતિ

(2) નાણાકીય વિકાસ

(3) બાહ્ય ક્ષેત્રો

(4) નાણાકીય વ્યવસ્થાપન અને આર્થિક મધ્યસ્થી

(5) ભાવો અને ફુગાવો

(6) ટકાઉ વિકાસ અને આબોહવા પરિવર્તન

(7) કૃષિ અને ખાદ્ય વ્યવસ્થાપન

(8) ઉદ્યોગ અને ઈન્ફ્રાસ્ટ્રકચર

(9) સેવાઓ

(10) સામાજિક માળખાકીય સુવિધા અને રોજગારી

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS


## અર્થતંત્રની સ્થિતિ (GDP વૃધ્ધિ)

ભારતીય અર્થતંત્ર 2020-21માં 7.3 ટકા ઘટયા બાદ 2021-22માં 9.2 ટકા (પ્રારંભિક અંદાજ)ના દરે વૃધ્ધિ પામશે તેવો અંદાજ છે.

- જ્યારે વર્ષ 2022-23માં GDP વાસ્તવિક અર્થમાં 8 થી 8.5 ટકા દરે વૃધ્ધિ થવાનું અનુમાન કરવામાં આવ્યું છે.
- વર્ષ 2022-23 માટે વર્લ્ડ બેંક અને એશિયન ડેવલપમેન્ટ બેંક (ADB) દ્વારા તાજેતરમાં વાસ્તવિક GDP વૃધ્ધિ માટે કરવામાં આવેલી અનુક્રમે 8.7 ટકા અને 7.5 ટકાની વૃધ્ધિ આગાહી સાથે તુલનાત્મક અનુમાન છે.
- ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ (IMF)ના તાજેતરના 'વર્લ્ડ ઈકોનોમિક આઉટલુક' અનુમાન મુજબ ભારતની વાસ્તવિક GDP વૃધ્ધિ વર્ષ 2022-23માં 9% અને 2023-24માં 7.1% રહેવાની ધારણા છે, જે ભારતીય અર્થતંત્રને આગામી ત્રણ વર્ષ સુધી વિશ્વની સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થા બનાવશે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

- <u>ઉચ્ચ વિદેશી હૂંડિયામણ અનામત</u> **(High Forex Reserves)**, <u>સતત વિદેશી પ્રત્યક્ષ રોકાણ</u> **(Continuous Foreign Direct Investment)** અને <u>નિકાસમાં</u> વૃધ્ધિનું સંયોજન વર્ષ <u>**2022-23**</u>માં વૈશ્વિક સ્તરે તરલતાના સંભવિત ઘટાડા અથવા સંકુચન **(Tapering)**ની સામે ભારતને નોંધપાત્ર સમર્થન પૂરું પાડશે.




## નાણાકીય વિકાસ

ટકાઉ મહેસુલ સંગ્રહ અને લક્ષ્યાંકિત ખર્ચ નીતિના પરિણામે એપ્રિલ–નવેમ્બર, 2021 દરમિયાન રાજકોષિય ખાદ્ય બજેટ અંદાજના 46.2 ટકા પર સમાવી લેવામાં આવી છે.

- નાણાકીય વર્ષ 2021-22 માટેના 9.6 ટકાના અંદાજપત્રની સરખામણીમાં કેન્દ્ર સરકારની મહેસૂલ પ્રાપ્તિ (એપ્રિલ– નવેમ્બર, 2021)માં 67.2 ટકા (વર્ષના આધારે) વધારો નોંધાયો છે.
- વર્ષ–દર–વર્ષ (YOY) આધારે એપ્રિલ–નવેમ્બર, 2021 દરમિયાન કુલ કર આવકમાં 50 ટકાથી વધુનો વધારો થયો છે.
- તે 2019-20ના પૂર્વ મહામારીના સ્તર કરતા પણ વધુ સારૂ પ્રદર્શન છે.
- ‘કર આવક’એ કેન્દ્ર સરકારના ‘રિસિપ્ટ બજેટ’નો તે ભાગ છે, જે પોતે કેન્દ્રીય બજેટના ‘વાર્ષિક નાણાકીય નિવેદન’નો એક ભાગ હોય છે.
- એપ્રિલ–નવેમ્બર, 2021 દરમિયાન ઈન્ફ્રાસ્ટ્રક્ચર સઘન ક્ષેત્રો (માળખાકીય સઘન ક્ષેત્રો) પર મુખ્ય ધ્યાન કેન્દ્રીત કરીને ‘મૂડી ખર્ચ’ 13.5% (વાર્ષિક ધોરણે) વધ્યો છે.
- કોવિડ– 19 મહામારીના કારણે ધિરાણમાં વધારાની સાથે કેન્દ્ર સરકારનું દેવું વર્ષ 2020-21માં GDPના 59.3 ટકા થઈ ગયું છે, જે વર્ષ 2019-20મા GDPના 49.1 ટકાના સ્તરે હતું.
- જોકે, અર્થતંત્ર સુધરતા હવે તેમાં ઘટાડો થવાની ધારણા છે.

નોંધ : (1) કરની આવક અને સરકારી નીતિઓએ ‘વધારાની રાજકોષીય નીતિ દરમિયાનગીરીની તક’ (An Opportunity for Additional Fiscal Policy Intervention) પૂરી પાડે છે.

(2) મૂડી ખર્ચ પર વધુ ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂરીયાત પર ભાર મુકતા આર્થિક સર્વે સૂચવે છે કે સરકાર ચાલુ વર્ષ (2021-22) માટે GDPના 6.8%ના રાજકોષીય ખાદ્યના લક્ષ્યને હાંસલ કરવાના ટ્રેક પર છે.


GUJARAT PUBLIC SERVICE COMMISION
GPSC
GPSCની એકઝામ પેટર્ન સમજવાની એકમાત્ર માસ્ટર કી
GPSC CLASS 1/2, STI, PI, Dy. SO, Dy. MAMLATDAR, A.O., GUJ ENGINEERING SERVICE, તથા લેકચરર અને આસિસ્ટન્ટ પ્રોફેસરના પેપરોનો સમાવેશ
7700+ TOTAL QUESTIONS
વધુ માહિતી માટે CALL 93753-01110


આ પુસ્તક તમામ અગ્રગણ્ય બુક સ્ટોર અને iceonline.in પર ઉપલબ્ધ છે.




## બાહ્ય ક્ષેત્રો

ભારતની વાણિજ્યિક નિકાસ અને આયાતમાં ઉત્કૃષ્ટ રિકવરી થઈ છે અને ચાલુ નાણાકીય વર્ષ દરમિયાન કોવિડ– **19** મહામારી પહેલાના સ્તરને વટાવી ગઈ છે.

- પર્યટનમાંથી નબળી આવક હોવા છતા પ્રાપ્તિ અને ચૂકવણીઓ પૂર્વ મહામારીના સ્તરે પહોંચવા સાથે યોગ્ય વૃધ્ધિ દર્શાવે છે.
- વિદેશી રોકાણમાં સતત વૃધ્ધિ, ગ્રોસ એક્સટર્નલ કોમર્શિયલ બોરોઈંગમાં વૃધ્ધિ (ચોખ્ખા બાહ્ય વ્યાપારી ઉધારીના પુનરુત્થાન), બેન્કિંગ મૂડીમાં સુધારો અને વધારાના વિશેષ ઉપાડ અધિકારો **(Special Drawing Rights-SDR)** ફાળવણીના આધારે **2021-22**ના પ્રથમ અર્ધવાર્ષિક ગાળામાં કુલ મૂડી પ્રવાહ વધીને **$ 65.6 બિલિયન** થયો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- ભારતનું બાહ્ય દેવું સપ્ટેમ્બર 2021ના અંત સુધીમાં વધીને 593.1 અબજ યુ.એસ ડોલર સુધી પહોંચી ગયું છે. જે અગાઉના વર્ષમાં 556.8 અબજ યુ.એસ ડોલર હતું. જે ઉચ્ચ વ્યાપારી ઉધારીની સાથે સાથે IMF દ્વારા વધારાના SRDની ફાળવણી પ્રતિબિંબિત કરે છે.
- વિદેશી હુંડિયામણ અનામત અથવા વિદેશી મુદ્રા ભંડાર (Foreign Exchange Reserves) વર્ષ 2021-22ના પ્રથમ છ માસિક ગાળામાં 600 અબજ યુ.એસ. ડોલર સુધી પહોંચી ગયું છે અને 31 ડિસેમ્બર 2021 સુધીમાં આ આંકડો વધીને 633.6 અબજ યુ.એસ. ડોલર પહોંચી ગયો છે.
- નવેમ્બર 2021ના અંત સુધીમાં ચીન, જાપાન અને સ્વિત્ઝર્લેન્ડ પછી ભારત સમગ્ર વિશ્વમાં ચોથું સૌથી મોટું વિદેશી હુંડિયામણ ધરાવતો દેશ હતો.



## નાણાકીય વ્યવસ્થાપન અને આર્થિક મધ્યસ્થી

આર્થિક સર્વેક્ષણ 2021-22 નોંધે છે કે એકંદર સિસ્ટમમાં 'તરલતા' સરપ્લસની સ્થિતિ રહી.

- વર્ષ 2021-22માં રેપો રેટ 4 ટકા રહ્યો હતો.
- વધારે તરલતા પ્રદાન કરવા માટે RBI દ્વારા 'સરકારી સિક્યોરિટીઝ એક્વિઝિશન પ્રોગ્રામ' (G-SAP) અને ખાસ લાંબા ગાળાના રેપો ઓપરેશન જેવા પગલાં લીધા છે.
- વ્યાપારી બેંકિંગ સિસ્ટમે (Commercial Banking System) મહામારીની આર્થિક અસરનો સારી રીતે સામનો કર્યો છે :

(a) વાર્ષિક ધોરણે બેંક ધીરાણમાં 2021-22 દરમિયાન તબક્કાવાર વધારો થયો છે. જે એપ્રિલ 2021માં 5.3 ટકાથી વધીને 31 ડિસેમ્બર, 2021 સુધીમાં 9.2% થયો છે.

(b) અનુસૂચિત વાણિજ્ય બેંકો (Scheduled Commercial Bank- SCBs)નો એકંદર બિન–ઉત્પાદક એડવાન્સ રેશિયો 2017-18ના અંતે 11.2% થી ઘટીને સપ્ટેમ્બર 2021ના 6.9% થયો હતો.

(c) આજ સમયગાળા દરમિયાન ચોખ્ખો બિન–ઉત્પાદક એડવાન્સ રેશિયો 6 ટકાથી ઘટીને 2.2 ટકા થયો હતો.

(d) અનુસૂચિત વાણિજ્ય બેંકો (SCBs)નો મૂડી–જોખમ ભારીત મિલકત ગુણોત્તર (Capital- Risk Weighted Asset Ratio) વર્ષ 2013-14માં 13 ટકાથી વધીને સપ્ટેમ્બર 2021ના અંતે 16.54 ટકા થયો હતો.

(e) જાહેર ક્ષેત્રોની બેંકો માટે સપ્ટેમ્બર 2021ના અંતે પૂરા થયેલા સમયગાળા માટે સંપત્તિ અને ઈક્વિટી પરનું વળતર હકારાત્મક રહ્યું છે.

- **મૂડી બજારો માટે અસાધારણ વર્ષ :**

(a) એપ્રિલથી નવેમ્બર 2021 સુધીમાં કુલ 75 IPO (Intial Public Offer)માંથી રૂ. 89,066 કરોડ એકત્ર કરવામાં આવ્યા હતા, જે છેલ્લા દાયકામાં કોઈપણ વર્ષમાં સૌથી વધુ છે.

(b) સેન્સેક્સ અને નિફ્ટી 18 ઓક્ટોબર 2021ના રોજ અનુક્રમે 61,766 અને 18,477ના શિખર સુધી પહોંચી ગયા હતા.

(c) મુખ્ય ઉભરતા બજારોના અર્થતંત્રમાં ભારતીય બજારોએ એપ્રિલથી ડિસેમ્બર, 2021 દરમિયાન ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યુ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભાવો અને ફૂગાવો

2021-22 (એપ્રિલ થી ડિસેમ્બર) દરમિયાન સરેરાશ હેડલાઈન CPI સંયુક્ત ફૂગાવો ઘટીને 5.2 ટકા થયો છે. જે 2020-21ના સમાન સમયગાળામાં 6.6 ટકા હતો.

- CPI એટલે 'Consumer Price Index'
- ખાદ્ય ફૂગાવો હળવો થવાથી છુટક ફૂગાવા (મોંઘવારી)માં ઘટાડો થયો છે.
- સરેરાશ ખાદ્ય ફૂગાવો 2021-22 (એપ્રિલ થી ડિસેમ્બર)માં 2.9%ના નીચા સ્તરે રહ્યો, જે ગયા વર્ષના સમાન સમયગાળામાં 9.1 ટકા હતો.
- અસરકારક પુરવઠા વ્યવસ્થાપનથી વર્ષ દરમિયાન મોટાભાગની આવશ્યક ચીજવસ્તુઓના ભાવ નિયંત્રણમાં રહ્યા હતા.
- કઠોળ–દાળ અને ખાદ્યતેલોમાં ભાવ વધારાને અંકુશમાં લેવા સક્રિયપણે પગલાં લેવામાં આવ્યા હતા.

- સેન્ટ્રલ એક્સાઈઝમાં (કેન્દ્રીય આબકારી જકાત)માં ઘટાડો તથા મોટાભાગના રાજ્યો દ્વારા મૂલ્યવર્ધિત કરમાં અનુગામી ઘટાડાથી પેટ્રોલ અને ડીઝલના ભાવમાં સુધારો કરવામાં મદદ મળી હતી.
- જથ્થાબંધ ભાવ સૂચકાંક (**Wholesale Price Index- WPI**)ના આધારે જથ્થાબંધ ફૂગાવો **2021-22** (એપ્રિલ થી ડિસેમ્બર) દરમિયાન વધીને **12.5** ટકા થયો છે.
- આ માટે નીચેના કારણો તેના માટે જવાબદાર છે :
  - **(a)** અગાઉના વર્ષમાં નીચો આધાર
  - **(b)** આર્થિક પ્રવૃત્તિઓમાં તેજી
  - **(c)** ક્રૂડ ઓઈલ અને અન્ય આયાતી ચીજવસ્તુઓના આંતરરાષ્ટ્રીય ભાવમાં તીવ્ર વધારો અને
  - **(d)** હેરફેરનો ઉચ્ચ ખર્ચ
- **CPI-C** અને **WPI** ફૂગાવો વચ્ચેનો તફાવત :
  - મે **2020**માં આ તફાવત **9.6** ટકા હતો.
  - પરંતુ ડિસેમ્બર **2021**માં છુટક ફૂગાવો જથ્થાબંધ ફૂગાવાથી **8.0** ટકાથી નીચે આવી જવાથી આ વર્ષે વિચલનમાં વળતો પ્રવાહ જોવા મળ્યો છે.
- આ તફાવતને નીચેના કેટલાક પરીબળો દ્વારા સમજાવી શકાય છે :
  - **(1)** આધાર અસરને કારણે તફાવત
  - **(2)** બે સૂચકાંકોના અવકાશ અને કવરેજમાં તફાવત
  - **(3)** મૂલ્ય સંગ્રહ
  - **(4)** આવરી લેવામાં આવેલ વસ્તુઓ
  - **(5)** પદાર્થના વજનમાં તફાવત અને
  - **(6)** આયાતી કાચા માલની ઊંચી કિંમતને કારણે **WPI** આધારિત ફૂગાવો સંવેદનશીલ બને છે.
- **WPI**માં બેઝ ઈફેક્ટમાં ધીમે ધીમે નાબૂદ કરવાથી **CPI-C** અને **WPI** વચ્ચેનું અંતર ઘટશે તેવી અપેક્ષા છે.

## ટકાઉ વિકાસ અને આબોહવા પરિવર્તન

**NITI** આયોગના **SDG** ઈન્ડિયા ઈન્ડેક્સ અને ડેશબોર્ડ પર ભારતનો એકંદર સ્કોર **2020-21**માં **66** થઈ ગયો, જે **2019-20**માં **60** અને **2018-19**માં **57** હતો.

- **2020-21**માં **22** રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ફ્રન્ટ રનર્સની સંખ્યા (**65-99** સ્કોર) વધી છે, જે **2019-20**માં **10** હતી
- નીતિ આયોગ પૂર્વોત્તર પ્રદેશ જિલ્લા **SDG** સૂચકાંક **2021-22**માં પૂર્વોત્તર ભારતના **64** જિલ્લાઓ સૌથી આગળ હતા અને **39** જિલ્લાઓ પરફોર્મર હતા.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- ભારત વિશ્વનો દસમો સૌથી મોટો વન વિસ્તાર ધરાવતો દેશ છે.
- વર્ષ 2010 થી 2020 દરમિયાન વન વિસ્તારના વધારાના સંદર્ભમાં ભારત 2020માં વિશ્વમાં ત્રીજા ક્રમે છે.
- ઓગસ્ટ, 2021માં '<u>પ્લાસ્ટિક કચરા વ્યવસ્થાપન સુધારો કાયદો, 2021</u>' (Plastic Wast Management Rules, 2021) અધિસૂચિત કરવામાં આવ્યો હતો જેનો ઉદ્દેશ વર્ષ 2022 સુધીમાં સિંગલ યુઝ પ્લાસ્ટિકને નાબૂદ કરવાનો છે.
- પ્લાસ્ટિક પેકેજિંગ માટે વિસ્તૃત ઉત્પાદક જવાબદારી અંગેના ડ્રાફ્ટ નિયમનની અધિસૂચના આપવામાં આવી છે.
- ગંગા અને તેની ઉપનદીઓના કિનારે અત્યંત પ્રદૂષિત ઉદ્યોગો (GPIs)ની અનુપાલન સ્થિતિ 2017માં 39 ટકાથી વધીને 2020માં 81 ટકા થઈ ગઈ છે.
- વહેતા પાણીમાં ઠાલવવામાં આવતા કચરાનું પ્રમાણ 2017માં દૈનિક 349.19 મિલિયન લીટર હતું તે ઘટીને 2020માં દૈનિક 280.20 મિલિયન લીટર થઈ ગયું છે.
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ નવેમ્બર, 2021માં ગ્લાસગોમાં યોજાયેલા COP-26માં રાષ્ટ્રીય નિવેદનના ભાગરૂપે ઉત્સર્જન ઘટાડવા માટે 2030 સુધીમાં હાંસલ કરવાના મહત્વાકાંક્ષી લક્ષ્યોની જાહેરાત કરી હતી.
- એક શબ્દ ચળવળ 'LIFE' (પર્યાવરણ માટે જીવનશૈલી) શરૂ કરવાની જરૂરિયાત અનુભવતા તેને વિચાર્યા વિના અને વિનાશક રીતે વપરાશના બદલે સમજી–વિચારીને અને જાણી જોઈને ઉપયોગ કરવા વિનંતી કરવામાં આવી છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS



JOIN WHATSAPP GROUP joinicerajkot.com




JOIN WHATSAPP GROUP joinicerajkot.com 

## ઉદ્યોગ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર

એપ્રિલથી નવેમ્બર, 2021 સુધીમાં ઓદ્યોગિક ઉત્પાદન સૂચકાંક 17.4% (વાર્ષિક ધોરણે) વધ્યો છે, જ્યારે એપ્રિલથી નવેમ્બર 2020 સુધીમાં (–) 15.3 ટકા હતો.

- ભારતીય રેલવેના મૂડી ખર્ચ 2009-2014 દરમિયાન વાર્ષિક સરેરાશ રૂ. 45,980 કરોડથી વધીને 2020-21માં રૂ. 155,181 કરોડ થયો છે અને 2021-22માં વધીને રૂ. 215,058 કરોડ કરવાનો લક્ષ્યાંક છે.
- આમ 2014ના સ્તરની સરખામણીએ તેમાં પાંચ ગણો વધારો થયો છે.
- 2020-21માં માર્ગ નિર્માણની મર્યાદા વધારીને 36.5 કિ.મી પ્રતિ દિવસ કરવામાં આવી છે, જે વર્ષ 2019-20માં 28 કિ.મી પ્રતિ દિવસ હતો, આમ તેમા 30.4 ટકાનો વધારો થયો છે.
- મહામારીની સ્થિતિ હોવા છતાં 2021-22ના જુલાઈ–સપ્ટેમ્બર ક્વાર્ટરમાં મોટા કોર્પોરેટસના વેચાણનો ચોખ્ખો નફો 10.6 ટકાના સર્વકાલીન ઉચ્ચ સ્તરે પહોંચી ગયો છે. (RBI અભ્યાસ)
- PIL (Production Linked Incentives) યોજનાની શરૂઆતથી વ્યવહાર ખર્ચ ઘટાડવા અને બિઝનેસ કરવામાં સરળતા વધારવાના પગલાં સાથે ડિજિટલ અને ભૈતિક માળખાગત બંનેને પ્રોત્સાહન મળ્યું છે, જે પુન :પ્રાપ્તિને ઝડપી બનાવવામાં મદદ કરશે.



JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## સેવાઓ

### GVA (Gross Value Added)

**GVAની સેવાઓ વર્ષ 2021-22ના જુલાઈ–સપ્ટેમ્બર ક્વાર્ટરમાં મહામારીના પહેલાંના સ્તરને વટાવી ગઈ છે.**

- **સંપર્ક સઘન ક્ષેત્રો જેમ કે વેપાર, પરિવહન વગેરેનો GVA હજુ પણ મહામારી પહેલાંના સ્તરોથી નીચે છે.**
- **2021-22માં એકંદર સર્વિસ સેક્ટર GVA 8.2 ટકા વધવાની ધારણા છે.**

### FDI (Foreign Direct Invest)

**સેવા ક્ષેત્રે વર્ષ 2021-22ના પ્રથમ અર્ધવાર્ષિક ગાળા દરમિયાન US$ 16.7 બિલિયનથી વધુનું 'વિદેશી પ્રત્યક્ષ રોકાણ' (FDI) મેળવ્યું છે, જે ભારતમાં કુલ FDIના પ્રવાહના લગભગ 54% છે.**

### સુધારણા (Improvement)

**મુખ્ય સરકારી સુધારાઓમાં IT- BPO સેક્ટરમાં ટેલિકોમ નિયમો દૂર કરવા અને સ્પેસ સેક્ટરને ખાનગી ક્ષેત્રના દિગ્ગજો માટે ખોલવાનો સમાવેશ થાય છે.**

### નિકાસ (Export)

**વર્ષ 2020-21ના જાન્યુઆરીથી માર્ચ સુધીના ત્રિમાસિક ગાળામાં સેવાઓની નિકાસ મહામારી પહેલાંના સ્તરને વટાવી ગઈ હતી અને 2021-22ના પ્રથમ છ માસિક ગળામાં 21.6% વધી હતી.**

- **સોફ્ટવેર અને આઈ.ટી સેવાઓની નિકાસ માટેની વૈશ્વિક માંગને કારણે આ મજબૂત બન્યું છે.**

### સ્ટાર્ટ-અપ્સ (Start-Ups)

**ભારત હવે અમેરિકા અને ચીન પછી વિશ્વમાં ત્રીજું સૌથી મોટું સ્ટાર્ટ–અપ ઈકોસિસ્ટમ બની ગયું છે.**


- **નવા માન્યતા પ્રાપ્ત સ્ટાર્ટ–અપ્સની સંખ્યા વર્ષ 2021-22માં વધીને 14 હજારથી વધુ થઈ ગઈ છે, જે વર્ષ 2016-17માં માત્ર 735 હતી.**
- **વર્ષ 2021માં 44 ભારતીય સ્ટાર્ટ–અપ્સે યુનિકોર્નનો દરજ્જો પ્રાપ્ત કર્યો છે, આ સાથે યુનિકોર્નની કુલ સંખ્યા 83 પર પહોંચી ગઈ છે.**
- **જેમાંથી મોટા ભાગના સ્ટાર્ટઅપ સેવા ક્ષેત્રમાં છે.**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# SERVICE SECTOR GROWTH




*Growth Rate of GVA at Basic Prices in per cent*



## સામાજિક માળખાકીય સુવિધા અને રોજગાર

16 જાન્યુઆરી, 2022ના રોજ સુધીની સ્થિતિ અનુસાર દેશમાં કોવિડ– 19 રસીના 157.94 કરોડ ડોઝ આપવામાં આવ્યા છે.

- જેમાં 91.39 કરોડને પ્રથમ ડોઝ અને 66.05 કરોડને બીઝો ડોઝ આપ્યો છે.

## રોજગાર (Employment)

અર્થતંત્ર ફરી બેઠુ થઈ રહ્યું હોવાથી, વર્ષ 2020-21ના છેલ્લા ત્રિમાસિક ગાળા દરમિયાન રોજગાર સૂચકાંકો મહામારી પહેલાંના સ્તરે પાછા આવી ગયા છે.

- માર્ચ 2021 સુધી મેળવેલા ત્રિમાસિક 'સામાયિક લેબર ફોર્સ સર્વે' (periodic labor Force Survey-PLFS) ડેટા અનુસાર મહામારીથી પ્રભાવિત શહેરી વિસ્તારોમાં રોજગારની સ્થિતિ લગભગ મહામારી પહેલાનાં સ્તરે પાછી આવી ગઈ છે.
- કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન (EPFO)ના ડેટા અનુસાર કોવિડ મહામારીની બીજી લહેર દરમિયાન નોકરીઓનું ઔપચારીકરણ ચાલુ રહ્યું હતું.
- નોકરીઓના ઔપચારિકરણ પર Covidની પ્રતિકૂળ અસર Covid- 19ની પ્રથમ લહેરની તુલનામાં ઓછી રહી છે.

## સામાજિક માળખાકીય (Social Infrastructure)

GDPની સપ્રમાણતા તરીકે કેન્દ્ર અને રાજ્યો દ્વારા સામાજિક સેવાઓ (આરોગ્ય, શિક્ષણ અને અન્ય) પર કરવામાં આવતો ખર્ચ 2014-15માં 6.2% હતો.

- તે વધીને વર્ષ 2021-22માં 8.6% થયો છે. (અંદાજપત્ર અનુમાન)
- નેશનલ ફેમિલી હેલ્થ સર્વે– 5 મુજબ :
  - (a) કુલ પ્રજનન દર (TFR) વર્ષ 2019-21માં ઘટીને 2 થયો છે, જે વર્ષ 2015-16માં 2.2 હતો.
  - (b) શિશુ મૃત્યુદર (IMR) પાંચ વર્ષથી ઓછી ઉંમરના શિશુઓનો મૃત્યુદર ઘટયો છે અને વર્ષ 2015-16ની સરખામણીમાં વર્ષ 2019-21માં હોસ્પિટલો/ડિલિવરી સેન્ટરોમાં શિશુના જન્મમાં સુધારો થયો છે.
- જલ જીવન મિશન (JJM) હેઠળ 83 જિલ્લાઓ 'હર ઘર જલ' જિલ્લા બની ગયા છે.
- મહામારીના સમય દરમિયાન ગ્રામીણ વિસ્તારોમાં અસંગઠિત શ્રમિકો માટે બફર પ્રદાન કરવા માટે મહાત્મા ગાંધી ગ્રામીણ રોજગારી બાંયધારી યોજના (MNREGS) માટે ભંડોળની ફાળવણી વધારવામાં આવી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## આર્થિક સર્વેક્ષણ 2021-22માં દર્શાવેલા કેટલાક મહત્વના Full- Forms

| | | |
|---|---|---|
| CPI-C | : | Consumer Price Index- Combined |
| CPI-IW | : | Consumer Price Index- Industrial Workers |
| CPI-RL | : | Consumer Price Index- Rural Labourers |
| CRR | : | Cash Reserve Ratio |
| EPFO | : | Employees Provident Fund Organization |
| FDI | : | Foreign Direct Investment |
| G-Sec | : | Government Securities |
| GVA | : | Gross Value Added |
| GVC | : | Global Value Chain |
| GDP | : | Gross Domestic Product |
| IPO | : | Initial Public Offering |
| LIFE | : | Lifestyle for Environment |
| NMP | : | National Monetisation Pipline |
| NSE | : | National Stock Exchange of India Ltd |
| NSO | : | National Statistical Office |
| PLI | : | Production- Linked Incentive |
| WPI | : | Wholesale Price Index |
| YoY | : | Year on Year |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

ICE દ્વારા GPSC તથા વર્ગ-3ની તમામ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે ટુ ધી પોઈન્ટ પરીક્ષાલક્ષી નવું મટીરીયલ્સ




આ પુસ્તકો તમામ અગ્રગણ્ય બુક સ્ટોર તથા અમારી વેબસાઇટ iceonline.in પર ઉપલબ્ધ છે.

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ**
**તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે**
**નીચે આપેલા અમારા**
Social Media Icon **પર** Click **કરો.**

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT